આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૮૧ | ૨૪ ડિસેમ્બર, ૨૦૧૪, બુધવાર ; પોષ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

સંબંધ તાજમહેલ જેવો હોય છે, બધાને એની સુંદરતા દેખાય છે, પરંતુ એ સંબંધ બનાવતા કેટલો સમય, શ્રમ લાગ્યો છે એ કોઇને દેખાતું નથી
- પરમાર્થ પ્રકાશ

# જિલ્લાની ૩૦૦ પ્રાથમિક શાળાના કોમ્પ્યુટર બંધ

## શાળા-વિકાસની ગ્રાન્ટ પણ રિપેરીંગ માટે ઓછી પડે તેમ છે : ૨૦૦૪થી પણ જુના કોમ્પ્યુટરો હોવાથી લગભગ કન્ડમ કરવા પડે તેવી સ્થિતિમાં બાળકો કોમ્પ્યુટર શિક્ષણથી દૂર

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યભરમાં એક તરફ સ્માર્ટ સ્કૂલના દિવા સ્વપ્નો જગાવવામાં આવી રહ્યા છે ત્યારે ગાંધીનગર જિલ્લાની ૩૦૦ પ્રાથમિક સાળાઓમાં આવેલી કોમ્પ્યુટર લેબ બંધ પડેલી છે.

ગાંધીનગર જિલ્લામાં તકનીકી શિક્ષણ અંગેના આયોજનો કરાયા છે અને પ્રવેશોત્સવ વખતે ૨૦ જેટલી સ્માર્ટ શાળાઓ બનાવવાની ઘોષણા કરવામાં આવી હતી.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર અને કલોલ તાલુકામાં આવેલી ૩૦૦ જેટલી પ્રાથમિક શાળાની કોમ્પ્યુટર લેબના કોમ્પ્યુટરો બંધ પડ્યા છે. આ કોમ્પ્યુટરોની મરામત અને નિભાવણી તેમજ જાળવણી માટે સરકારમાં છેલ્લા ઘણા સમયથી રજુઆતો કરાઈ હોવા છતાં તેના ઉકેલની દિશામાં કોઈ જ કાર્યવાહી થઈ નથી.

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પણ આ મુદ્દો ચગ્યો હતો. જો કે તંત્રએ તેનો રૂટીન જવાબ આપ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે શાળા વિકાસ ગ્રાન્ટ સરકાર દ્વારા જે આપવામાં આવે છે તેમાંથી પણ આ કોમ્પ્યુટરો ચાલુ થઈ શકે તેમ નથી. આ ગ્રાન્ટ ખુબ જ ઓછી પડે તેમ છે.

૨૦૦૪ના મોડેલ એવા આ કોમ્પ્યુટર ઘણા જુના થઈ ગયેલા છે તેના સ્પેરપાર્ટસ પણ બજારમાં પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ નહિ હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે સરકારમાં તેમજ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કક્ષાએ પણ આ બાબતે વારંવાર રજુઆતો કરાઈ છે પરંતુ આવી વાત ફાઈલોમાં અટવાઈ જવા પામી છે.

હાલ તો આ શાળાના બાળકોને કોમ્પ્યુટર શિક્ષણથી અજ્ઞાન રહેવાનો વારો આવ્યો છે. તંત્રના સત્તાધીશો આ બાબતે ઉદાસીન વલણ છોડે તેમ સૌ શિક્ષણપ્રેમીઓ ઈચ્છી રહ્યા છે.

સરકાર દ્વારા ૨૦૦ જેટલી નવી

● અનુસંધાન પાન-૭ પર



નાતાલની ઉજવણી - નાતાલ પર્વના પગલે ગાંધીનગર શાળાઓમાં નાતાલની ઉજવણીનો આરંભ થયો છે... માઉન્ટ કાર્મેલ ખાતે શાળાના બાળકો દ્વારા નાતાલ પર્વના મહિમાનું અભિવ્યક્ત કરતું નાટક અને નૃત્યો રજૂ થયા હતા. નાટકનું એક દશ્ય માતા મેરી અને બાળ ઈસુનું ભાવવાહી દશ્ય બાળકો અસરકારક રીતે ભજવ્યું હતું... શાંતાક્લોઝ દ્વારા બાળકોને ચોકલેટનું વિતરણ કરાયું હતું...

# એકઝીબિશન સંકુલ અને મહાત્મા મંદિર ખાતે આરોગ્ય કેન્દ્રો કાર્યરત કરાયા

ગાંધીનગર, તા. ૨૩

આગામી જાન્યુઆરી માસમાં યોજાનાર વાયબ્રન્ટ સમીટની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. તેને ધ્યાને રાખી હેલિપેડના પ્રદર્શન વિસ્તારમાં અને મહાત્મા મંદિર ખાતે સવારે ૮.૦૦ થી સાંજના ૭.૦૦ સુધીની બે ખાસ ડિસ્પેન્શરીઓ શરૂ કરી દેવામાં આવી છે.

વાયબ્રન્ટ સમીટમાં આવી રહેલા વિદેશી મહેમાનોના આરોગ્યનીસંભાળ માટે અમદાવાદના નિષ્ણાત તબીબોની સેવાઓ પણ મેળવવામાં આવનાર છે. આ ઉપરાંત હજુ વધુ એક થી બે ડિસ્પેન્શરી પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી સંદર્ભે પણ શરૂ કરવાનું આયોજન છે.

વાયબ્રન્ટ સમીટના આયોજનને આખરી ઓપ અપાઈ રહ્યો છે ત્યારે હેલિપેડ ખાતે ઉભા કરાયેલા ૧૪ ડોમના મજૂરો અને મહાત્મા મંદિર ખાતે ચાલી રહેલી કામગીરીના શ્રમિકોની સારવાર માટે આજથી જ ત્યાં બે નાની ડિસ્પેન્શરી શરૂ કરવામાં આવી છે.

આ બન્ને વિસ્તારમાં તબીબોની સેવાઓ રોજ સવારે ૮.૦૦ થી સાંજના ૭.૦૦ સુધી ઉપલબ્ધ બનશે. આ બન્ને ડિસ્પેન્શરી માટે એક ખાસ એમ્બ્યુલન્સ પણ તૈનાત રાખવામાં આવી છે.

આરોગ્ય વિભાગ દ્વારા તડામાર તૈયારીઓ આરંભાઈ ચુકી છે. હોસ્પિટલમાં પણ ખાસ અલાયદા વોર્ડ ઉભા કરવાનું આયોજન છે. જે અંગેના વિધિવત્ હુકમો આ સપ્તાહના અંતમાં અથવા આરંભે થઈ જશે. બીજી તરફ આરોગ્ય કર્મચારીઓની રજાઓ પણ મંજૂર નહિ કરવાની સૂચનાઓ જારી કરી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે શરૂ કરાયેલા આ બે ડિસ્પેન્શરી ૧૪ જાન્યુઆરી સુધી કાર્યરત રાખવાની સૂચનાઓ હાલ અપાઈ છે.

# શહેરમાં ઠંડીનો પારો ૧૦ ડિગ્રી

ગાંધીનગર, તા. ૨૩

ડિસેમ્બર માસમાં ઉત્તર ભારતમાં હિમવર્ષાને પગલે તેની સીધી અસર મધ્ય અને પશ્ચિમ ભારતના રાજ્યોમાં દેખાઈ રહી છે. પરિણામે લોકો કડકડતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. અમદાવાદ અને ગાંધીનગર સહિતના શહેરોમાં પણ સ્થાનિકો ઠંડીનો સામનો કરી રહ્યા છે. ગતરોજ ઠંડીનો પારો ૧૦.૮ ડિ.સે. નોંધાયો હતો. જો કે આમા આજે પોઈન્ટ ૮ ડિ.સે.નો ઘટાડો થતા લઘુત્તમ ઠંડીનો પારો ૧૦.૦૦ ડિ.સે. નોંધાયો હતો. જ્યારે મહત્તમ પારો ૨૭.૦ ડિ.સે. રહેવા પામ્યો હતો. પરંતુ બે દિવસથી નાગરિકો ઠંડીનો વત્તા ઓછા પ્રમાણમાં અનુભવ કરી રહ્યા છે.

છેલ્લા બે દિવસમાં આકાશમાં વાદળો દૂર થવાને કારણે ઠંડીમાં વધારો અનુભવાયો હતો અને ગાંધીનગર સહિત સમગ્ર રાજ્યમાં લઘુત્તમ ઠંડીનો પારો નીચે જતા તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યુ હતુ. પરિણામે શહેરના જનજીવન પર ભારે અસર થઈ હતી અને લોકોએ પણ ઠંડી સામે રક્ષણ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

# સ્વર્ણિમ પાર્કના ડાન્સીંગ ફુવારા આઠ મીટર ઉંચી ઉડાન ભરશે

## મ્યુઝિકલ અને કલરફૂલ ફાઉન્ટેઈન માટે કેલીફોર્નિયાથી સ્પેરપાર્ટસ આવ્યા છે : વોટરબોડી પાછળ ૪ કરોડ ખર્ચાયા


ગાંધીનગર, તા.૨૩

સ્વર્ણિમ પાર્કમાં ભવ્ય વોટરબોડી તૈયાર કરી દેવાઈ છે. ૨ હજાર સ્કવેર ફીટમાં નિર્માણ કરાયેલી વોટરબોડીમાં ફાઉન્ટેઈન ફીટ કરવામાં આવ્યા છે. આ માટે જરુરી સ્પેરપાર્ટસ કેલિફોર્નિયાથી આવ્યા છે. વોટરબોડીના મ્યુઝિકલ અને ડાન્સીંગ ફુવારા ૮ મીટરની હાઈટ સુધી ઉંચા જશે.શહેરની આગવી ઓળખ સમા સ્વર્ણિમ પાર્કના ડ્રીમ પ્રોજેકટનું કામ પૂર્ણ થઈ ગયું છે. જયારે સ્વર્ણિમ પાર્કના વિધાનસભા સામેના બેલ્ટમાં ડૉ. આંબેડકરના સ્ટેચ્યુ પાસે ભવ્ય વોટરબોડીનું નિર્માણ કરવામાં આવ્યું છે.

૨ હજાર સ્કવેર મીટરના વિસ્તારમાં વોટરબોડી અસ્તિત્વમાં આવી છે.જેમાં રંગબેરંગી લાઈટીંગ્સની સાથે ફાઉન્ટેઈનની મશીનરી ફીટ કરવામાં આવી છે. આ સ્પેરપાર્ટસ કેલિફોર્નિયાથી આવ્યા છે. વોટરબોડી ફરતે સહેલાણીએ બેસી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મ્યુઝિકલ અને ડાન્સીંગ ફાઉન્ટેઈનના ફુવારા ૮ મીટર સુધી ઉંચી ઉડાન ભરશે. ફુવારાની પેટર્ન પણ મ્યુઝિક પ્રમાણે બદલાતી રહેશે. આ ભવ્ય વોટરબોડીના નિર્માણ પાછળ રૂ. ૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.આગામી દિવસોમાં ફુવારાની ટ્રાયલ લેવામાં આવશે. વોટરબોડી શરુ થયા બાદ સ્વર્ણિમ પાર્કની રોનક બદલાઈ જશે. વિભાગ કક્ષાએથી નિર્ણય લેવાયા બાદ રાત્રિના સહેલાણીઓ માટે મ્યુઝિકલ ફાઉન્ટેઈનનો શો અને સમય પણ નિયત કરવામાં આવશે.




## બેસણું



સ્વ. શ્રી મનુપ્રસાદ રાવલ
(નિવૃત્ત મામલતદાર)
જન્મ : ૨૦-૧૧-૧૯૩૩
નિર્વાણ : ૧૬-૧૨-૨૦૧૪

અમારા પરમ પૂજ્ય પિતાજી
**શ્રી મનુપ્રસાદ પ્રહલાદભાઈ રાવલનું**
દુ:ખદ નિધન થયું છે.

સ્વર્ગસ્થનું બેસણું
**તારીખ ૨૫-૧૨-૨૦૧૪ને ગુરુવાર**ના રોજ
**સવારે ૯.૦૦ થી ૧૨.૦૦** દરમિયાન
**શ્રી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સેવા સમાજ વાડી,**
**સેક્ટર-૭/સી, ગાંધીનગર** ખાતે રાખેલ છે.
લૌકિક વ્યવહાર બંધ છે.

રોહિત રાવલ | હરેશ રાવલ | હર્ષા રાવલ | નિમેષ રાવલ
સુરેખા રાવલ | શ્રુતિ રાવલ | અજય રાવલ | મમતા રાવલ

તથા સમસ્ત રાવલ પરિવાર, કાંસા-વિસનગર